શહેરની જુનવાણી યાને એન્ટિક ચીજવસ્તુઓ વેચતી દુકાનોમાંથી કેટલાંક વર્ષોથી નાની-મોટી ચીજોની ચોરી થાય છે. નાના મૂલ્યની ચોરી હોવાથી પોલીસ અને વીમા કંપનીને કોઈ સંડોવતું નહીં. જો કે, આખરે કેસ ડિટેક્ટિવોને સોંપવાની વાત ચાલી અને ડિટેક્ટિવ રાધિકાએ એવું રહસ્ય શોધી કાઢ્યું, જે વાચકોનાં હૃદય ભીનાં કરશે...

આડે ઊભા રહેતાં બોલ્યો, ‘ત્યાં ન જશો! હાથ જોડું!’



રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

ફાલ્ગુનીનો અજબ પ્યાર-4

રાધિકાને ચટપટી થઈ. અજય અને તરુણનો ભેટો થઈ જશે તો? તરુણના ઘરમાં અજયને કોઈ મળ્યું હશે ખરું? એનાં મા-બાપ, સંતાનો...

જો કે, થોડી વારમાં સોસાયટીના બીજા ઝાંપેથી અજય બહાર નીકળ્યો. એ બસ સ્ટેન્ડ પર આવ્યો. રાધિકાએ લાગલો જ અધીરો પ્રશ્ન કર્યો, ‘શું થયું? કશું જાણવા જેવું મળ્યું?’

‘ઘરનો આદમી હમણાં જ ઘેર આવ્યો,’ અજયે રિપોર્ટ આપવા માંડ્યો. ‘એ ઘરવખરીની ચીજવસ્તુઓ ખરીદી લાવ્યો છે. ઘરમાં એક સ્ત્રી છે. એ રસોઈ બનાવે છે.’

‘એ એની વાઇફ છે?’

‘ખબર ન પડી. જો કે, સ્ત્રી કે પુરુષ, બેમાંથી એકેય એકબીજા તરફ કોઈ લાગણી...’

‘બધા તમારા જેવા પ્રેમપ્રદર્શનકારી ન પણ હોય, અજયબાબુ!’ રાધિકાએ ટોણો માર્યો. પછી આગળ પૂછ્યું.

‘આટલી મિનિટો તમે શું કર્યું?’

‘એ બંગલાનો ઝાંપો ખોલીને હું તો સીધો એમના રસોડાને પાછલે બારણે પહોંચ્યો...’

‘માર ખાવાના ધંધા!’

‘રાધિકાને ખાતર... એના મિશનના ભાગરૂપે!’ અજયે પણ સામી ચોપડાવી.

‘અચ્છા. પછી?’

‘મેં કહ્યું કે ગેસના રેગ્યુલેટરની જરૂર હોય તો... પણ બહેન બોલી કે અમે ગેસ વાપરતા જ નથી! પછી મેં રસોડું સાફ કરવાના એસિડ અને ફિનાઇલની વાત ચલાવી. બહેન સુરત બાજુની લાગી. કહે કે મારે કશાની જરૂર ની મલે!’

‘બીજું કંઈ?’

‘હા. ઘરનો આદમી આવી ગયો એટલે મેં વિદાય લીધી. પણ નીકળતાં પહેલાં બારીમાંથી જોયું કે ભાઈએ ગજવામાંથી કોઈક નાનકડી ચીજ કાઢી છે અને એને પોતાની હથેળીમાં રાખીને ફેરવી ફેરવીને જુએ છે.’

‘એ નાનકડી ચીજ શી હતી, ખ્યાલ આવ્યો?’

‘મેં તને એક વાર કાનની બુટ્ટીઓ લઈ આપેલી, એ યાદ છે? ઝવેરીએ પ્લાસ્ટિકની ગોળ સફેદ ડબ્બીમાં...’

‘એ જ! એ જ!’ રાધિકા વચ્ચે જ બોલી ઊઠી. પછી સોસાયટીનાં મકાનો તરફ ચાલવા માંડતાં એ બોલી, ‘હવે બસ સ્ટેન્ડ પર ઈન્તજાર કરવાનો વારો તમારો, અજયબાબુ! ફાવશે ને?’

‘કશી જરૂર ઊભી થાય તો...’

‘જરૂર નહિ પડે. મને ખાતરી છે.’

એ ચાલી. સોસાયટીમાં પ્રવેશી. એ ઘરના આગળના બારણે ગઈ. ડોરબેલનું બટન દબાવ્યું. તરત જ તરુણે બારણું ખોલ્યું. અહોભાવથી બોલી ઊઠ્યો, ‘અરે, રાધિકાબેન! તમે?’

‘તમારે ઘેર પહેલી વાર આવી છું. આવકારો તો આપો!’ એમ હસતાં હસતાં બોલીને રાધિકા એ ઘરની અંદર ઘૂસી જ ગઈ.

ઘર તદ્દન સાદું હતું. આગલા રૂમમાં એક કોરી પાટ અને બે જૂની ખુરશીઓ હતી. ફર્શ ઉઘાડી હતી. દીવાલો નાગી હતી. એ ઓરડો ઠીકઠીક લાંબો હતો. એમાં જમણી બાજુ બે બારણાં પડતાં હતાં અને એક બારણું પાછળ હતું. એ બારણું રસોડાનું હતું. ત્યાંથી ભોજનની સુવાસ આવી રહી હતી. જમણી તરફનાં બેય બારણાં બંધ હતાં.

રાધિકા પ્રથમ તો પાછળની બાજુ ધસી ગઈ. તરુણ ડઘાઈને જોઈ રહ્યો. એને ખબર હતી કે રાધિકા ડિટેક્ટિવ છે. એ આમ અચાનક આવી છે, માટે જરૂર એને કશોક વહેમ પડ્યો હશે...

રાધિકા રસોડાના બારણેથી પાછી વળી. ‘તમારી વાઇફ રસોઈ બનાવે છે?’

‘ના, ના, બેન. એ તો કાન્તાબેન છે, અમારાં રસોઈવાળાં.’

એકાએક રાધિકાએ ધડાકો કર્યો, ‘પેલી હાથીદાંતની ડબલી મને આપી દો.’

તરુણે અક્ષરેય બોલ્યા વગર પાટલૂનના ગજવામાંથી ડબલી કાઢીને રાધિકાના હાથમાં મૂકી દીધી. એ સ્વીકારતાં રાધિકાએ ધારદાર પ્રશ્ન પૂછ્યો, ‘હવે બોલો, તરુણભાઈ, શા માટે વર્ષોથી આવી નાની-નાની ચોરીઓ કરો છો?’

એ પ્રશ્ને તરુણને ઘાયલ કરી મૂક્યો હોય એમ એ વ્યાકુળ બની ગયો. પણ બોલી શક્યો નહિ. રાધિકાના પ્રશ્ને જાણે એની વાણી હરી લીધી હોય.

અને ત્યારે જ જમણી તરફના પ્રથમ બંધ બારણાની પાછળથી નાનકડી ઘંટડી રણકતી હોય એવો અવાજ આવ્યો.

હવે તો તરુણ સાવ શિયાવિયા થઈ ગયો. એને કપાળે, ગાલે, ગળે એકાએક પરસેવાનાં બિંદુઓ ફૂટી નીકળ્યાં. ત્યાં તો ઘંટડી ફરી રણકી.

રાધિકા પેલા બારણા તરફ વળી. તરુણના પ્રાણ અચાનક પાછા આવ્યા. રાધિકાની આડે ઊભા રહેતાં એ બોલ્યો, ‘ત્યાં ન જશો બેન! તમને હાથ જોડું.’

એના આવા વર્તનથી તો રાધિકા ઊલટાની વધુ વહેમાઈ અને એ પેલું બારણું ખોલવા મક્કમતાપૂર્વક આગળ વધી.

‘ભલે બેન, રૂમમાં જવું હોય તો જાવ,’ તરુણે પ્રતિકાર છોડી દીધો અને લગભગ રડતે સાદે એણે કહ્યું, ‘જાવ તો ભલે જાવ, પણ... પણ કશાં આકરાં વેણ કહેશો મા એને બિચારીને.’

બારણું ખૂલતાં જ અંદરથી એક મંદ મધુર અવાજ આવ્યો, ‘તરુણ! આવી ગયો, મારો રાજા?’

‘હા, રાણી!’ તરુણે જવાબ વાળ્યો. ‘હેં, હમણાં જ આવ્યો.’

આટલું કહેતો તરુણ પણ અંદર આવ્યો. ઓરડામાં બે ઝુમ્મરોમાં દીવા બળતા હતા. એ જૂનાં રાજસ્થાની ઝુમ્મર હતાં! એમના પ્રકાશમાં દેખાયું કે ઢોલિયો ઢાળેલો છે, એના પર એક તદ્દન જીર્ણ એવી સ્ત્રી સૂતી છે, તરુણ એની પાસે ફર્શ પર ઘૂંટણિયે પડ્યો અને એ સ્ત્રીના દુબળા, પીળા હાથને પંપાળવા લાગ્યો.

એ ઓરડો અદ્ભુત હતો. જાણે સ્વપ્નલોકનો કે સ્વર્ગલોકનો ઓરડો! એના ટેબલો પર, ટીપાઈઓ પર, છતથી લટકતી છાબડીઓમાં, જ્યાં જગા મળી ત્યાં રાજસ્થાની કલાકારીગરીની જુનવાણી ચીજવસ્તુઓ ખીચોખીચ લદાયેલી હતી. ચાકળા, ચંદરવા, ઘરેણાં, ચિત્રો, મૂર્તિઓ, પાત્રો, ઘણું ઘણું. બધું પ્રાચીન રાજસ્થાની.

રાધિકાએ ફરી વાર પલંગ પર સૂતેલી સૂકલકડી સુંદરીને જોઈ. એ પલંગ પણ જૂના રાજસ્થાનનો હતો! એ વિશાળ ઢોલિયામાં આ જીર્ણ સ્ત્રીને શોધવી મુશ્કેલ!

‘કોઈ આવ્યું છે, ડાર્લિંગ?’ જીર્ણ સ્ત્રીએ ફૂંક જેવા અવાજે પૂછ્યું.

‘હા, એક મહેમાન છે. અમારી દુકાન અંગે વાત કરવા આવ્યાં છે.’

‘જલદી વાત પતાવી દે, ડિયર, પછી વહેલા જમી લઈએ અને કાન્તાબેનને છૂટાં કરીએ. આજે તો આપણા લગ્નદિવસ છે! મારી ભેટ લાવ્યો, ડાર્લિંગ?’

‘હેં...? હા, હા... લાવ્યો છું,’ તરુણે કરુણ નજર રાધિકા ભણી નાખતાં ઉચ્ચાર્યું. ‘જરા મહેમાન સાથે વાત કરી લઉં. પછી આવું. તું આરામ કર.’

એણે નજરોથી રાધિકાને વિનંતી કરી. કૃપા કરી આ ઓરડાની બહાર ચાલો.

રાધિકા બહાર નીકળી. તરુણ અનુસર્યો. બારણું બંધ કરીને એણે રાધિકાને ખુરશી પર બેસવા કહ્યું.

‘મારી તો બુદ્ધિ બહેર મારી ગઈ છે. શહેરમાં કેટલાય વખતથી એન્ટિક શોપ્સમાં ચોરી થાય. પકડાય નહિ. આખરે કેટલાક સંજોગો મને તમારા તરફ દોરી લાવ્યા. શા માટે, તરુણભાઈ?’

તરુણે એક મોટો નિસાસો નાખતાં પેલી પાટ પર બેસતાં કહ્યું, ‘તમે મુનશી પ્રેમચંદની ‘ગબન’ નામની વાર્તા વાંચી છે, બેન? એમાં એક સ્ત્રીનો ઘરેણાં માટેનો અનહદ શોખ એના પતિને ચોર બનવા મજબૂર કરે છે. અમારું... ફાલ્ગુનીનું ને મારું એવું જ છે. હું એને કારણે ચોર બન્યો છું. પણ પ્રેમચંદજીની નાયિકા કરતાં ફાલ્ગુનીની વાત જુદી છે.’

‘અચ્છા? શી વાત છે એ?’

‘ફાલ્ગુનીનાં ને મારાં લગ્ન વીસ વરસ અગાઉ થયાં હતાં. પ્રેમલગ્ન તો નહોતાં, પણ અમારી વચ્ચે લગ્ન પછી ખૂબ હેતભાવ હતો. લગ્ન પછી તરત જ અમે રાજસ્થાનના પ્રવાસે ગયેલાં. ફાલ્ગુનીને રાજસ્થાનના પહાડો, મહેલો, મંદિરો, તળાવો, સાહેલિયોંકી વાડી જેવા બગીચા... બધું ખૂબ ગમી ગયું. એટલું ગમી ગયું કે એણે દર વરસે લાંબી રજા લઈને રાજસ્થાન જવાની રઢ લીધી. ત્રણ વરસ એ રીતે ગયાં પણ ખરાં. પણ ચોથે વરસે અમારા પર આસમાન તૂટી પડ્યું. ઉદયપુરની એક ટેકરી પર ચડતાં ફાલ્ગુનીનો પગ લપસ્યો. એ ગબડતી ગબડતી ઘણે નીચે પડી ગઈ. એના મસ્તકમાં ક્યાંક એવી ઈજા થઈ ગઈ કે એ સ્નાયુઓ પર, અંગો પર કાબૂ ગુમાવી બેઠી. એક પ્રકારનો લકવો. એના મસ્તકમાં કેટલાક ભ્રમ પણ જન્મી ગયા. એ માનવા લાગી કે હું જૂના રાજસ્થાનની કુંવરી છું!’

‘ઓહ!’ રાધિકાથી નિસાસો નખાઈ ગયો.

‘બસ, ત્યારથી એણે રાજસ્થાનની ભવ્યતા વચ્ચે જીવવાની રઢ લીધી. એનાં દવાદારૂ, રસોઈ માટે માણસ, બીજા ખર્ચ કાઢતાં મારી પાસે મોંઘી ચીજો ખરીદવાનાં નાણાં તો ક્યાંથી બચે? પણ બીજી બાજુ ફાલ્ગુનીના બાળક જેવાં બની ગયેલાં મનમાં ઊઠતા અભરખા! એટલે મેં ચોરીઓ કરવા માંડી. મારે માટે એ અઘરું નહોતું. આખા બજારને મારા પર વિશ્વાસ છે.’

‘અને આજે તમે લગ્નતિથિની ભેટ તરીકે ફાલ્ગુનીબેનને હાથીદાંતની ડબલી આપી, કેમ?’

‘હા, બેન! એની લગ્નતિથિની માગણી! બસ, આ એક બાબતમાં એનું મસ્તક પૂરું સ્વસ્થ છે. જૂના રાજસ્થાનની હર બાબતથી એ વાકેફ છે. બસ, એક ભ્રમમાં એ જીવી રહી છે. અને હવે તમે ચોરીઓનો ભેદ ઉકેલી નાખ્યો છે એટલે મારે માટે તો જેલ નક્કી! ચિંતા એટલી જ કે... પછી એનું શું!’

આટલું બોલીને તરુણ વેદનામય મૌનમાં સરી પડ્યો. રાધિકા પણ પેલી ડબલીને તાકતી નીરવ બની ગઈ.

પછી ઘણી વારે એ બોલી, ‘તરુણભાઈ, ઘણા એન્ટિક શોપવાળાએ મને કહેલું છતાં આ કેસ મેં લીધો નથી. એટલે મને જે જાણવા મળ્યું એ કોઈનેય જણાવવાની જરૂર નથી અને તમારે પણ જેલમાં જવાની જરૂર નથી... જો એક શરત કબૂલ કરો તો!’

‘કઈ શરત, બેન?’

‘હવે ચોરી ન કરવી. આજ સુધીની ચોરીઓ સૌએ ખમી ખાધી છે. નવી ચોરી નહિ થાય એટલે કોઈ જૂની વાતો યાદ નહિ કરે. અને ફાલ્ગુનીબેન વરસે એકાદ-બે ચીજો માગે તે તો તમે ખરીદી શકશો. બરાબર?’

‘બરાબર.’

‘તો, લો, આ ભેટ ફાલ્ગુનીબેનને આપો. અને અમને આશીર્વાદ આપો કે તમારા જેટલો ઉત્કટ પ્રેમ અમને સાંપડે.’

પેલા બસ સ્ટેન્ડ પર રાહ જોઈ રહેલા અજયને મળી મોટરસાઇકલ હંકારવાનું કહીને ચાલતી ગાડીએ રાતના દસ વાગ્યાની શીતળ હવામાં એણે ફાલ્ગુનીના અજબ પ્યારની અને અજબ ઘેલછાની વાત કરી. પછી મનોમન ઝંખતી રહી કે મારીયે મનોકામનાઓ પૂર્ણ કરનાર પુરુષ મળ્યો છે તે અમર રહે!

એ જૂનાં રાજસ્થાની ઝુમ્મર હતાં! એમના પ્રકાશમાં દેખાયું કે ઢોલિયો ઢાળેલો છે, એના પર એક તદ્દન જીર્ણ એવી સ્ત્રી સૂતી છે, તરુણ એની પાસે ફર્શ પર ઘૂંટણિયે પડ્યો અને એ સ્ત્રીના દુબળા, પીળા હાથને પંપાળવા લાગ્યો